# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સોમનાથ સ્વાભિમાન પર્વ કરોડો ભારતીયોની શાશ્વત આસ્થા, સાધના અને અતૂટ સંકલ્પનું જીવંત પ્રતિબિમ્બ છે
2. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ગુજરાતના યાત્રાધામ સોમનાથ ખાતે પ્રધાનમંત્રીએ શૌર્ય યાત્રાનું નેતૃત્વ કર્યું.
3. રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજીઓનલ કોન્ફરન્સનું ઉદઘાટન કરશે – ગાંધીનગરથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો સેવાનો આરંભ કરાવશે
4. વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે કહ્યું કે ફ્રાન્સ અને ભારત વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, અવકાશ, સહિત વૈશ્વિક વિકાસ પર ચર્ચા થઇ.
5. કેન્દ્રિય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે ફિટ અને સ્વસ્થ યુવાનો રાષ્ટ્રના વિકાસનું નેતૃત્વ કરવામાં મદદ કરી શકે
6. ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે વડોદરામાં થોડીવારમાં શરૂ થશે પહેલી એક દિવસય મેચ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM- SOMNATH ADDRESS EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સોમનાથ સ્વાભિમાન પર્વ કરોડો ભારતીયોની શાશ્વત આસ્થા, સાધના અને અતૂટ સંકલ્પનું જીવંત પ્રતિબિમ્બ છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આ પર્વ માત્ર ઇતિહાસનું ગૌરવ જ નહીં, પરંતુ આ મંદિરની કાલાતિત યાત્રાને પુનર્જિવિત કરવાની તક છે.

(BYTE: PM MODI) VIRASAT

દુર્ભાગ્યવશ ઇતિહાસમાં ધાર્મિક કટ્ટરતાની માનસિકતાને સાધારણ લૂંટ દર્શાવવામાં આવી હતી અને મંદિરના રક્ષણમાં પોતાની શ્રદ્ધા માટે પોતાના જીવનનું બલિદાન આપનારાઓની ગાથાઓને ઇતિહાસમાં સ્થાન મળ્યું નથી. તુષ્ટિકરણના ઠેકેદારો કટ્ટરપંથીઓ સામે નમી ગયા હતા.

ભારતની સભ્યતા આપણને ક્યારેય બીજાને હરાવવાનું શીખવતી નથી, પરંતુ સંતુલિત જીવન જીવવાનું શીખવે છે. ગઝનવીથી ઔરંગઝેબ સુધીના શાસકો દ્વારા સોમનાથ પર થયેલા હુમલાઓ અંગે વાત કરતા તેમણે કહ્યું, "આપણી શ્રદ્ધા આપણને નફરત અને વિનાશનો સંદેશ નથી આપતી. તેથી ચાલો આપણે વિકાસ માટે ખભાથી ખભો મિલાવીને સાથે મળીને આગળ વધવાનો તથા આપણા ભૂતકાળ અને વારસા સાથે જોડાયેલા રહેવાનો સંકલ્પ કરીએ.. સોમનાથ સ્વાભિમાન પર્વ જેવી ઘટનાઓમાંથી પ્રેરણા લઈને, ચાલો

આપણે વિકસિત ભારત તરફ આગળ વધીએ. વિકસિત ભારતનો સંકલ્પ એક વારસો છે.

**(BYTE: PM MODI) 1000 YEARS**

શ્રી મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વ જેવા આયોજનથી પ્રેરણા લઈ વિકસિત ભારત તરફ આગળ વધવા પણ લોકોને અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# PM VGRC

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજકોટની મુલાકાત લેશે અને મારવાડી યુનિવર્સિટી ખાતે કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે.**

**ચાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોમાં આ બીજી પરિષદ છે, જે સફળ "વાઇબ્રન્ટ ગુજરાત" મોડેલનું વિકેન્દ્રીકરણ કરવા માટે રચાયેલ છે, જે રોકાણની તકો અને ઔદ્યોગિક વિકાસને સીધા સૌરાષ્ટ્ર અને કચ્છના બાર પશ્ચિમ જિલ્લાઓના ઘરઆંગણે લાવે છે.**

આજે પ્રધાનમંત્રી અમદાવાદ મેટ્રોના ફેઝ 2 ના બાકીના ભાગનું ઉદ્ઘાટન સેક્ટર 10A થી ગાંધીનગરમાં મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઇસ કાસ્ટ - અપર્ણા ખૂંટ

. . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## PM SHARUY YATRA

સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ગુજરાતના સોમનાથમાં પ્રધાનમંત્રીએ શૌર્ય યાત્રા યોજી હતી.. જય સોમનાથના નાદ સાથે સમગ્ર સોમનાથનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.. પ્રધાનમંત્રીએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી તેમજ સોમનાથ મહાદેવના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું.

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઇસ કાસ્ટ - અજય ઇન્દ્રેકર

સોમનાથના રક્ષણ માટે પોતાનુ બલિદાન આપનારાને શ્રદ્ધાંજલી આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પવિત્ર યાત્રાધામ સોમનાથમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ' નિમિત્તે આયોજિત ભવ્ય શૌર્ય યાત્રાનું નેતૃત્વ કર્યું અને સોમનાથ મહાદેવની વિધિવત્ પૂજા-અર્ચના કરી. સોમનાથના માર્ગો ઉપર બંને બાજુએ મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ જય સોમનાથના નાદ સાથે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની સાથે પ્રધાનમંત્રીએ આ શૌર્ય યાત્રાનું નેતૃત્વ કર્યું હતું.. પોલીસ દળના 108 અશ્વો અને મોટી સંખ્યામાં નાગરિકો અને સાધુ સંતોની ઉપસ્થિતીમાં આ શોર્યયાત્રા યોજાઇ હતી.. ઋષિકુમારોના ડમરુના તાલે શ્લોક ગાને આ યાત્રાને વધુ તેજસ્વી બનાવી હતી.

આ યાત્રા દરમિયાન શ્રી મોદી સરદાર વલ્લભભાઈ પટેલ અને વીર હમીરજી ગોહિલને ભાવાંજલિ અર્પણ કરી હતી. ભારતીય અસ્મિતા અને શૌર્યના પ્રતીક સમાન આ મુલાકાત દ્વારા તેમણે રાષ્ટ્રભક્તિનો પ્રબળ સંદેશ આપ્યો હતો.શૌર્યયાત્રા સોમનાથ મંદિરે પહોંચી હતી જ્યાં પ્રધાનમંત્રીએ ભગવાન સોમનાથના ચરણોમાં શિશ ઝુકાવીને દેવાધિદેવની પૂજા કરી હતી.

દરમિયાન ગઈકાલે પ્રધાનમંત્રીએ 72 કલાકના અખંડ જાપમાં ભાગ લીધો હતો, ત્રણ હજાર ડ્રોન દ્વારા સોમનાથના ઈતિહાસને ઊજાગર કરતી તસ્વીરો નિહાળી હતી. શ્રી મોદીએ સોમનાથમાં રોડ શો યોજીને લોકોનું અભિવાન ઝીલ્યું હતું.

**અજય ઇન્દ્રેકર, આકાશવાણી અમદાવાદ**

-------------------------------

## JAISHANKAR VISIT

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર ફ્રાન્સ અને લક્ઝમબર્ગની મુલાકાત પૂર્ણ કરીને સ્વદેશ પરત ફર્યા છે. આ મુલાકાત યુરોપ સાથે ભારતના વધતા જોડાણને પ્રતિબિંબિત કરે છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુલાકાત દરમિયાન ડૉ. જયશંકરે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને વિદેશ મંત્રી જીન-નોએલ બેરોટ સાથે મુલાકાત કરી હતી.

ભારત-ફ્રાન્સ ઇનોવેશન યરને અનુરૂપ, બેઠકમાં નવીનતા અને ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ, આરોગ્ય, શિક્ષણ અને ગતિશીલતાના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ સંરક્ષણ, સુરક્ષા,

અવકાશ, નાગરિક પરમાણુ અને દરિયાઈ સુરક્ષા, અર્થતંત્ર અને વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા કરી હતી.

બેઠકમાં ભારત-EU સંબંધોને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. જયશંકરે ફ્રેન્ચ સંસદ સભ્યો સાથે પણ વાતચીત કરી હતી. ડૉ. જયશંકરે ભારતીય સમુદાયને પણ સંબોધન કર્યું. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાત ઉભરતા વૈશ્વિક પરિદૃશ્યમાં ભારત અને યુરોપ વચ્ચેના હિતોના નોંધપાત્ર સમન્વયને દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## MANDAVIYA-SUNDAYS ON CYCLE

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલના 56મા સંસ્કરણમાં ભાગ લીધો હતો.

શ્રી માંડવિયાએ કહ્યું કે સાયકલ ચલાવીને દેશના યુવાનો શીખી શકે છે કે ક્યારે ધીરજ રાખવી, ક્યારે ધીમું થવું અને ક્યારે ગતિ વધારવી. ફિટ અને સ્વસ્થ યુવાનો રાષ્ટ્રના વિકાસનું નેતૃત્વ કરવામાં મદદ કરી શકે છે અને સાયકલિંગ તેનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA-NEW ZEALAND ODI

ભારત આજે ગુજરાતના વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ **ODI** શ્રેણીની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. થોડી જ ક્ષણોમાં શરૂ થશે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અનુભવી ખેલાડીઓ ફરીથી મેદાનમાં ઉતરશે, જયારે ઋષભ પંત ઈજાને કારણે ત્રણ મેચની શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે.

**T**-20 વર્લ્ડ કપ 2026 અને **IPL** 2026 પહેલા આ શ્રેણી ભારત માટે છેલ્લી એક દિવસીય શ્રેણી હશે.

બીજી મેચ 14 જાન્યુઆરીએ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે, જ્યારે ત્રીજી અને અંતિમ મેચ 18 જાન્યુઆરીએ ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . .